## 1. સામાજિક પ્રક્રિયાની વ્યાખ્યા આપો.

➢ દરેક સમાજમાં આંતરક્રિયાનાં સ્વરૂપો સમાન હોય છે. જેને 'સામાજિક પ્રક્રિયા' કહે છે. સામાજિક પ્રક્રિયાઓ સમાજવ્યવસ્થા માટે મહત્ત્વની છે. સામાજિક પ્રક્રિયાની વ્યાખ્યા : સમાજશાસ્ત્રી મકાઈવરના મતે, ''સામાજિક પ્રક્રિયા એવી બાબત છે કે જેના દ્વારા જૂથના સભ્યોના સંબંધો સ્થાપિત થાય છે અને પોતાનું વિશિષ્ટ સ્વરૂપ હાંસલ કરે છે. સામાજિક પ્રક્રિયા સતત પરિવર્તનશીલ છે, એટલે કે સંબંધોમાં બદલાવ થતો રહે છે.'' સામાજિક પ્રક્રિયા સાંસ્કૃતિક વિવિધતા સાથે સંકળાયેલી છે. આથી દરેક સમાજનું સ્વરૂપ અલગ અલગ હોય છે. દા. ત., ગ્રામીણ સમાજ, આદિવાસી સમાજ વગેરે.

## 2. સામાજિક ક્રિયાનો ખ્યાલ સ્પષ્ટ કરો.

➢ માનવીએ પોતાનો વ્યવહાર ચલાવવા, વ્યવસ્થા જાળવવા, સંબંધો જાળવવા વગેરે માટે કેટલીક સંજ્ઞાઓ નક્કી કરી છે. આ સંજ્ઞાઓ દ્વારા સામાજિક સંબંધ શક્ય બને છે. આ સંસાની મદદથી વ્યક્તિ સમાજમાં ક્રિયા કરે છે જે બીજી વ્યક્તિ સમજી શકે છે. આ ક્રિયાને 'સામાજિક ક્રિયા' કહેવાય. આમ, માનવીની સભાનતાપૂર્વકની અર્થપૂર્ણ ક્રિયાને 'સામાજિક ક્રિયા' કહેવાય.

## 3. સામાજિક આંતરક્રિયાની વ્યાખ્યા આપો.

➢ કોઈ પણ બે કે તેથી વધુ વ્યક્તિ કે જુથ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકેતવ્યવહારનાં માધ્યમો દ્વારા એકબીજાનાં આંતરિક કે બાહ્ય વર્તન પર અસર નીપજાવતી હોય તેવી ઘટનાને 'સામાજિક આંતરક્રિયા' કહેવાય. ''સમાજશાસ્ત્રી સોરોકિન સામાજિક આંતરક્રિયાની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, સામાજિક આંતરક્રિયા એવી ઘટના છે કે જેમાં એક પક્ષ બીજા પક્ષની બાહ્ય ક્રિયા કે માનસિક જીવન પર અસર કરે છે.''

## 4. 'સામાજિક ગતિશીલતા' એટલે શું?

➢ સામાજિક ગતિશીલતા એ સ્તરરચનામાં વ્યક્તિ અથવા જૂથનું સ્થાનપરિવર્તન દશવિતી પ્રક્રિયા છે. દરેક સમાજમાં વસ્તી, રાજકીય અને આર્થિક પરિસ્થિતિ તથા સામાજિક વિસ્તારમાં કેટલેક અંશે ફેરફાર થાય છે. સામાજિક રચનાતંત્રે જીવંત રહેવા માટે આ બધાં પરિવર્તનો સાથે અનુકૂલન સાધવું જરૂરી છે. જેમાંથી સામાજીક ગતિશીલતાની પ્રક્રિયા ઉદ્ભવે છે. સામાજિક ગતિશીલતા સમાજમાં રહેલી તકોના અસ્તિત્વ અને અભાવને દર્શાવે છે. સામાજિક ગતિશીલતમાં વ્યક્તિ અથવા જૂથ એક સામાજિક દરજ્જામાંથી બીજા સામાજિક દરજ્જા તરફ ગતિ કરે છે.

## 5. 'સામાજિક પરિવર્તન' એટલે?

➢ માનવી સતત પરિવર્તનની ઝંખના રાખે છે. માનવસમાજ અને કુદરત સ્થિર નથી. સમાજમાં અને કુદરતમાં સતત પરિવર્તનની પ્રક્રિયા ચાલે છે. પરિવર્તન અને સાતત્ય પ્રત્યેક સમાજનું લક્ષણ છે વ્યક્તિવ્યક્તિ વચ્ચેના સંબંધો, તેમાંથી રચાતી જૂથરચના, ધ્યેય અને દરજ્જાની ભૂમિકા, સામાજિક ધોરણો, મૂલ્યો વગેરે સામાજિક રચનાતંત્રના ભાગોમાં થતા ફેરફારને 'સામાજિક પરિવર્તન' કહે છે.

6. સમાજશાસ્ત્રી મેક્સ લર્નર સામાજિક પ્રક્રિયાની કઈ વ્યાખ્યા આપી છે ?

➢ સમાજશાસ્ત્રી મેક્સ લર્નર સામાજિક પ્રક્રિયાની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, ''સામાજિક પ્રક્રિયાનાં મૂળમાં ગતિ, પરિવર્તન પ્રવાહ અને સમાજમાં સતત બદલાવ અભિપ્રેત (સ્વીકારેલું) છે. સામાજિક પ્રક્રિયાનાં માધ્યમોથી જ સમાજમાં વિવિધ વ્યક્તિઓ પોતાના હેતુલક્ષની પૂર્તિ કરવા ઇચ્છે છે.''

7. 'સંઘર્ષની' પ્રક્રિયા કોને કહેવાય?

➢ જ્યારે બે કે તેથી વધુ પક્ષો એક જ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતા હોય અને તેમાંનો દરેક પક્ષ સામાપક્ષની ઇચ્છા વિરુદ્ધ જઈને તેને ધ્યેયથી વંચિત રાખવા કે અંકુશમાં લેવા કે નુકસાન પહોંચાડવા કે તેનો નાશ કરવા પ્રયત્ન કરે તેને 'સંઘર્ષની પ્રક્રિયા' કહેવાય.

8. મકાઈવર અને પેજના મતે ''સામાજિક સંઘર્ષ'' એટલે શું?

➢ મકાઈવર અને પેજના મતે, ''જ્યારે માનવી એક જ અથવા અછત ધરાવતાં ધ્યેયો પ્રાપ્ત કરવા માટે એકબીજાનો મુકાબલો કરે, એકબીજાને નુકસાન કરી સામસામે આવે ત્યારે તેને સામાજિક સંઘર્ષ કહે છે.'' દા. ત., જ્ઞાતિજ્ઞાતિ વચ્ચેનો સંઘર્ષ.

9. સંઘર્ષના ઉદ્દભવ માટે કયાં કયાં પરિબળો જવાબદાર છે?

➢ સંઘર્ષ હેતુ ઓના વિરોધાભાસથી, અન્યાયમાંથી, શોષણમાંથી, વિચારસરણીના વિરોધમાંથી કે સ્થાપિત હિતોના અસંતોષમાંથી સર્જાય છે. વ્યક્તિવ્યક્તિ વચ્ચેના સંઘર્ષો પરસ્પરના અનુકૂલનના અભાવથી, વિચારો કે માન્યતાઓના તફાવતથી સમાજીકરણના તફાવતમાંથી ઉદભવે છે. ઔદ્યોગિક ક્ષેત્રોના સંઘર્ષો આર્થિક અન્યાય, શોષણ કે અન્ય વ્યક્તિઓના હસ્તક્ષેપમાંથી ઊભા થાય છે. રાજકીય પક્ષો વચ્ચેના સંઘર્ષો સત્તા મેળવવા માટે કે વિચારસરણિના તફાવતને લીધે સર્જાય છે. શૈક્ષણિક જથોના સંઘર્ષો કાર્યની નિષ્ફળતામાંથી સર્જાય છે, આમ, સંઘર્ષના ઉદભવ માટે અનેક પરિબળો જવાબદાર છે.

10. પ્રત્યક્ષ સંઘર્ષ કોને કહેવાય?

➢ બે પક્ષો એક જ ધ્યેય પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતા હોય અને બંને પક્ષો એકબીજાના ધ્યેયપ્રાપ્તિના પ્રયત્નોમાં અવરોધ ઉભો કરતા હોય, એકબીજાને ઉતારી પાડવાનો પ્રયત્ન કરતા હોય કે એકબીજાનો નાશ કરવા માટે શારીરિક બળનો ઉપયોગ કરતા હોય ત્યારે તેને પ્રત્યક્ષ સંઘર્ષ કહેવાય.

11. પરોક્ષ સંઘર્ષ કોને કહેવાય?

➢ બે પક્ષો એક જ ધ્યેય પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતા હોય અને બંને પક્ષો એકબીજાના ધ્યેયપ્રાપ્તિ કરવાના પ્રયત્નોમાં આડકતરી રીતે અવરોધ ઊભો કરતા હોય જેથી સામેનો પક્ષ ધ્યેય પ્રાપ્ત ન કરી શકે તેવા સંઘર્ષને પરોક્ષ સંઘર્ષ' કહેવાય .

## 12. આંશિક સંઘર્ષ કોને કહેવાય?

- બે પક્ષો એક જ ધ્યેય પ્રાપ્ત કરવા માટે એકબીજાથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરતા હોય, તેમની વચ્ચે વાટાઘાટો કે કરાર દ્વારા સંમતિ સાધીને સંઘર્ષને ઘટાડી શકાય તેમ હોય તેવા સંઘર્ષને 'આંશિક સંઘર્ષ' કહેવાય.

## 13. સંપૂર્ણ સંઘર્ષ કોને કહેવાય?

- બે પક્ષો એક જ ધ્યેય પ્રાપ્ત કરવા માટે એકબીજા પર માનસિક અને શારીરિક બળનો ઉપયોગ કરતા હોય તેમજ બંને પક્ષો વચ્ચે વાટાઘાટો કે કરાર દ્વારા સંમતિ સાધવાનું શક્ય જ ન હોય ત્યારે તેને સંપૂર્ણ સંઘર્ષ કહેવાય.

## 14. સામાજિક પરિવર્તનનાં લક્ષણો જણાવો.

- સામાજિક પરિવર્તનનાં લક્ષણો આ પ્રમાણે છે : (1) સામાજિક પરિવર્તન એ સામાજિક પ્રક્રિયા છે. (2) સામાજિક પરિવર્તન સાર્વત્રિક પ્રક્રિયા છે. (3) સામાજિક પરિવર્તન રચનાતંત્રમાં પરિવર્તન સુચવે છે. (4) સામાજિક પરિવર્તન કાર્યોમાં પરિવર્તન સૂચવે છે. (5) સામાજિક પરિવર્તન સ્વયંજનિત અને આયોજિત પ્રક્રિયા છે.

## 15. સામાજિક પરિવર્તન સ્વયંજનિત અને આયોજિત પ્રક્રિયા શાથી છે ?

- ઉદ્યોગીકરણ અને શહેરીકરણને પરિણામે વિભિન્ન જ્ઞાતિ અને ધર્મના લોકો એકબીજાના સંપર્ક અને સહવાસમાં આવતાં પરસ્પર સહાનુભૂતિ અને આદરનું વાતાવરણ સર્જે છે. આ પરિસ્થિતિના કારણે વિચારો અને મૂલ્યોમાં આવેલા પરિવર્તનને સ્વયંજનિત પરિવર્તન કહે છે. એ જ રીતે માનવીએ બુદ્ધિપૂર્વક, હેતુપૂર્વક આયોજન કરીને સમાજમાં પરિવર્તન લાવવામાં ફાળો આપ્યો છે. કાયદાઓ દ્વારા લગ્નવય નક્કી કરવામાં આવી છે. તેના પરિણામે બાળલગ્નો અટક્યાં છે અને શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. આમ, સામાજિક પરિવર્તન સ્વયંજનિત અને આયોજિત પ્રક્રિયા છે.